# ભલી ઉંદરડી

– 'ખાધું પીધું ને રાજ કર્યું' માંથી સાભાર

એક ઉંદરડી ભૂંડી હતી. તેથી સહુ તેની સાથે રિસાયાં હતાં. એક દિવસ ઉંદરડી સાથે કોઈ રમવા તૈયાર ન થયું તેથી તે બહાર નીકળી. ઝાડની ડાળે ચકલી બેઠી હતી. ઉંદરડી તેને કહે, 'ચકીબહેન, ચકીબહેન, મારી સાથે રમવા આવો ને !'

ચકલી બોલી : 'ઘી ને ખીચડી ખાઉં છું.

રમવા હું ના જાઉં છું.'

ચકલી ન આવી તેથી ભૂંડી ઉંદરડી આગળ ચાલી. ઝાડ ઉપર ખિસકોલી દોડાદોડી કરતી હતી. ઉંદરડી કહે, 'ખિસકોલીબહેન, મારી સાથે રમવા આવો ને !'

ખિસકોલી બોલી : 'તું તો ગાળો બોલે છે. તણખલાની તોલે છે.

તારા જેવી ભૂંડીની સાથે કોણ રમે !.

ઉંદરડી આગળ ચાલી. સામેથી સસલાભાઈ આવતા હતા.

ઉંદરડી બોલી, 'સસલાભાઈ, મારી સાથે રમશો ને ?'

સસલો કહે, 'ના રે બહેન. વાતવાતમાં લડતી તું,

તારી સાથે રમું ન હું.

ભૂંડી ઉંદરડી તો રડવા જેવી થઈ ગઈ. તેની સાથે કોઈ રમતું ન હતું. ઉંદરડી આગળ ચાલી, નદીકિનારે દેડકાભાઈ ડ્રાઉં ડ્રાઉં કરતા હતા. ઉંદરડી કહે, 'દેડકાભાઈ, ચાલો ને આપણે રમીએ !'

દેડકાભાઈ કહે, 'ગંદી ગોબરી રહેતી તું,

તારી સાથે રમવું શું ?'

ઉંદરડી તો ચિડાઈ ગઈ. પટપટ પૂંછડી પટપટાવવા લાગી. પણ કરે શું ? ઉંદરડી ચાલી ગઈ. ચાર ગલુડિયાં આંધળોપાટો રમતાં હતાં. ઉંદરડીને આંધળોપાટો રમવાનું ઘણું ગમતું હતું. તે ગલુડિયાં પાસે જઈને બોલી, ‘મને રમાડો.......મને રમાડો.’

ઉંદરડીને જોઈ એટલે એક ગલુડિયાએ કહ્યું, ‘તને નહિ રમાડીએ. અમારી બાએ તારી સાથે રમવાની ના પાડી છે.’

ભૂંડી ઉંદરડી ઘણું રખડી પણ તેની સાથે રમવા કોઈ તૈયાર ન થયું. છેવટે ઉંદરડી થાકી. ઢીલીઢસ થઈને એક ઝાડના થડ પાસે બેઠી. આંખોમાં આંસુ આવી ગયાં. ડબડબ આંસુ ટપકાવવી ઉંદરડી રડવા લાગી.

ઝાડની ડાળે એક પોપટ બેઠેલો.

તે ગીત ગાતો હતો.

ચાંચ છે રાતી, કાંઠલો કાળો, પાંખ છે મારી લીલી;

લીમડા ડાળે મારો માળો, – ખાવાને લીંબોળી;



મારું નામ છે પોપટભાઈ, મારું નામ છે પોપટભાઈ !

ઉંદરડીને જોઈને પોપટ કહે, ‘ઉંદરડી રે ઉંદરડી.

બેઠાં શાથી વનની વાટે ?

આમ રડો છો શાને માટે ?’

ઉંદરડીએ દુઃખની વાત કરી. પોપટ કહે, ‘તમે ભૂંડાં છો. વાતવાતમાં ગાળો બોલો છો, રિસાઈ જાઓ છો, ગંદાં રહો છો તથા ઝઘડા કરો છો. આ બધું બંધ કરો તો જ બધાં તમારી સાથે રમશે.’

ઉંદરડી સમજી ગઈ. ભૂંડા ગુણ મૂકી દીધા. ભૂંડી ઉંદરડી ભલી ઉંદરડી થઈ ગઈ.

આ વાતની ખબર પડી એટલે બીજાં પશુપક્ષીઓ રાજી થયાં. ઉંદરડી સાથે રમવા ચકલી આવી, ખિસકોલી આવી, સસલાભાઈ અને દેડકાભાઈ આવી ગયા. ગલુડિયાં પણ હવે શું કામ ન આવે ? બધાં ભેગાં થઈને આંધળોપાટો રમતાં હતાં. તે વખતે ઝાડની ડાળે બેઠેલાં પોપટભાઈ કહે, ‘ઉંદરડી બહેન, કંઈક ગીત ગાઓ ને !’ ઉંદરડી તાનમાં હતી. રમતાં રમતાં તે ગાવા લાગી,

‘હવે કદી હું ના રિસાઉં,
સાબુ લઈને રોજ નહાઉં,
ગાળો હું ન બોલું કોઈ,
વાતવાતમાં પડું ન રોઈ.
ભલાઈના હું કરતી કામ,
ભલી ઉંદરડી મારું નામ.’
ગીત સાંભળીને સહુ એ તાળીઓ પાડી.
ખાધું પીધું ને રાજ કર્યું !

■